PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૬/કવા-૦૩/૧૮-૧૯/ 275-1 તા. 5-1-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
વાઘેલા જનકસિંહ બળવંતસિંહ,
ગામ - અમેડ
તાલુકો તાલાલા
જીલ્લો - ગીર સોમનાથ
મો: ૯૮૨૫૦ ૧૩૦૨૨

વિષય :-ટેરીફ ચેન્જ ના આકારણી બીલ બાબત
સંદર્ભ:- આપની અરજી , તા. ૦૬-૧૨-૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૮૬/કવા-૦૩/૧૮-૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ - સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,તાલાલા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૮૬/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૯–૧૨–૧૮ | સ્થળ : જુનાગઢ |

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: વાઘેલા જનકસિંહ બળવંતસિંહ, ગામ: ચિત્રોડ**

**રજુઆત કરનાર: અરજદાર વાઘેલા જનકસિંહ બળવંતસિંહ હાજર રહેલ છે.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,તાલાલા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :ડી.વી.લાખાણી – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ**

---

**: હુકમ :**

---

**ફરીયાદ : ટેરીફ ચેન્જ ના આકારણી બીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર વાઘેલા જનકસિંહ બળવંતસિંહ ગામ: ચિત્રોડ તેઓની અરજી ના નોંધણી નંબર :૮૬/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓ ફાર્મ હાઉસ મા પરીવાર સાથે રહે છે, જેમા તા.૨૬–૧૦–૧૮ ના રોજ ગીર–સોમનાથ જીલ્લાના પ્રાંત અધિકારી શ્રી – તપાસણી એ આવેલ– ત્યારે પીજીવીસીએલ ની ટીમ પણ સાથે હોય – તેઓ દ્રારા – તેઓનુ ઘરવપરાશ નુ વીજજોડાણ ધરાવતા હોય તેમા – વાણીજયના હેતુ અંગેનુ વીજબીલ – વીજ અધિનીયમન –૨૦૦૩ અન્વયે આપેલ હોય – જે ગેરસમજ થી આપેલ છે, જેથી –અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ. તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર વાઘેલા જનકસિંહ બળવંતસિંહ ગામ: ચિત્રોડ ગ્રાહક નં. .–૮૧૪૫૧/૧૦૧૧૩/૯, ૧૦ કીવો – આર.જી.પી.આર. થ્રી ફેઇઝ કેટેગરી હેઠળ તા.૨૧ –૦૩–૧૪ થી રીલીઝ કરાયેલ છે. સદર વીજજોડાણ નુ તા.૨૬–૧૦–૧૮ ના રોજ – વીજ ચકાસણી મુજબ – ટેરીફ તફાવતનુ રૂ.૧,૩૪,૨૩૪/૮૮ તા.૨૬–૧૦–૧૮ ના રોજ – ઈલેકટ્રીસીટી એકટ –૨૦૦૩ ની કલમ–૧૨૬ મુજબનુ પુરવણીબીલ અપાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, ગ્રાહક નં. .–૮૧૪૫૧/૧૦૧૧૩/૯, ૧૦ કીવો – આર.જી.પી.આર. થ્રી ફેઇઝ કેટેગરી હેઠળ તા.૨૧ –૦૩–૧૪ થી રીલીઝ કરાયેલ છે. સદર વીજજોડાણ નુ તા.૨૬–૧૦–૧૮ ના રોજ – વીજ ચકાસણી મુજબ – ટેરીફ તફાવતનુ રૂ.૧,૩૪,૨૩૪/૮૮ તા.૨૬–૧૦–૧૮ ના રોજ – ઈલેકટ્રીસીટી એકટ –૨૦૦૩ ની કલમ–૧૨૬ મુજબનુ પુરવણીબીલ અપાયેલ છે. સદર બાબત નામદાર |

| | |
|---|---|
| | જીઈઆરસી ના નોટીફિકેશન નં.–૦૨/૨૦૧૧ ના મુદદા નં. ૨.૩૦ મુજબ ની વિગતે – ફોરમ ના સતાક્ષેત્રમાં સમાવિષ્ટ થતુ નથી. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં હવો જરૂરી છે.